

કલ્ચરલ સ્કૂલ ઑફ એક્ટીંગ : ગાંધીનગરના સાંસ્કૃતિક ઈતિહાસમાં એક નવું પ્રકરણ ઉમેરાયું. ગાંધીનગર કલ્ચરલ ફોરમ સંચાલિત કલ્ચરલ સ્કૂલ ઑફ એક્ટીંગનો શુભારંભ ગુજરાતી રંગભૂમિના વરિષ્ઠ કલાકાર સુરેશ રાજડાએ દીપ પ્રગટાવી કર્યો હતો. ગાંધીનગરના યુવાનો અને કલાપ્રેમીઓ નાટ્ય તાલીમ માટેના ૬ માસના અભ્યાસક્રમનો શુભારંભ ભારે ઉલ્લાસમય માહોલમાં થયો હતો. આ પ્રસંગે હૃદયસ્પર્શી એકાંકી ભજવાયા હતા. ટીચર્સ ટ્રેનીંગ ઈન્સ્ટિટ્યૂટના તાલીમાર્થીઓ દ્વારા રજૂ થયેલ એકાંકીએ સૌની આંખો ભીંજવી નાંખી હતી. (તસવીર : દિપક જાની)

# સેક્ટર-૧ના તળાવમાં પાણીની આવક થતા રોનક વધી



છેલ્લા કેટલાય વર્ષોથી પાણી વિહોણા સે. ૧ના તળાવમાં સારા વરસાદને પગલે ચાર ફૂટ જેટલુ પાણી ભરાયું : વરસાદી સિઝન માણવાનું અનોખુ સ્થળ

ગાંધીનગર, તા. ૧૪

આ વર્ષે થયેલા સારા વરસાદનો લાભ સેક્ટર-૧ ના તળાવને મળ્યો છે. તળાવમાં આ વર્ષે ચાર ફૂટ કરતા વધુ પાણી ભરાતા અહીંનો નજારો નયનરમ્ય બન્યો છે. વરસતા વરસાદમાં પણ અહીં ભીડ જોવા મળે છે.

સેક્ટર-૧ના છેવાડે તળાવ બનાવવાની કામગીરી છેલ્લા ઘણા વર્ષોથી ચાલી રહી છે. લેન્ડ સ્કેપીંગ સહિતનું કામ પૂર્ણ થઈ જતા તળાવની ફરતે સુંદર બગીચો ઉભો થયો છે જો કે ખાટલે મોટી ખોડ એ હતી કે તળાવમાં પાણી જ ન હતુ. આ તળાવનું વિધિવત ઉદ્‌ઘાટન થયુ ન

● અનુસંધાન પાના - ૭ પર

## ખૂણે... ...ખાંચરેથી

- ગુજરાતી રંગભૂમિ અને ગુજરાતી ફિલ્મોના સદાબહાર કલાકાર અભિનય સમ્રાટ પદ્મશ્રી ઉપેન્દ્ર ત્રિવેદીનો આજે જન્મદિવસ હતો. તેમના જન્મદિનને યાદગાર બનાવવા કલ્ચરલ ફોરમે આજે સ્કુલ ઓફ એકટીંગનો ગાંધીનગર ખાતે આરંભ કર્યો છે.
- રંગભૂમિના બે દિગ્ગજ કલાકારો આજે ગાંધીનગરના અતિથિ બન્યા હતા. આઈ.એન.ટી.ના સુરેશ રાજડા સ્કુલ ઓફ એકટીંગના ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં હાજરી આપવા આવ્યા હતા. તો સ્મૃતિ ઈરાની ભાજપ મહિલા મોરચાની બેઠકમાં હાજરી આપવા આવ્યા હતા. બન્ને દિગ્ગજો એક જ સેક્ટરમાં પણ અલગ-અલગ દિશામાં એક જ સમયે હાજર હતા.
- જિલ્લા પંચાયત પ્રમુખશ્રીના કાર્યાલયમાં ફરજ બજાવતા શ્રી ગિરીશ ભટ્ટના દિકરાને મેલેરિયાના તાવે ભરડો લીધો છે.
- સે. ૨૨માં રહેતી અર્પિતા ભાર્ગવ જોશીએ પોતાનો જન્મ દિવસ એઈડ્સથી પિડીત અનાથ બાળકો વચ્ચે વિતાવ્યો હતો. ગાંધીનગર સે. ૧૯માં આવા ૪૫ બાળકો સાથે કેક કાપી અને જન્મદિવસની ઉજવણી કરી હતી.
- હત્યાના આરોપમાં પકડાયેલ એક કાચા કામનો કેદી તેના પિતાના અગ્નિ સંસ્કાર માટે જેલમાંથી પોલીસ જાપ્તા નીચે ગાંધીનગર આવ્યો હતો.
- ગોપાલ સંપ્રદાયના ચંદ્રિકાબાઈ મહાસતીજી આદિઠાણા-૨ ગિરીશભાઈ ઝાટકિયાના સે. ૨૨ના નિવાસસ્થાને પધારેલા છે. તેઓ સવારે ૯.૧૫ કલાકે ત્યાંથી વિહાર કરી સ્થાનકવાસી જૈન ઉપાશ્રય સે. ૨૨માં પધારશે. જ્યાં તેઓ ચાર્તુમાસ જૈન શ્રાવકો સાથે ધર્મકાર્યમાં ગાળશે.

# શહેર ભાજપના સંગઠનની કરાયેલી પુનઃ રચના

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર શહેર ભાજપના નવા સંગઠન માળખાની આજે વિધિવત જાહેરાત કરવામાં આવી છે. પ્રભારી શ્રી કે.સી. પટેલ તથા શ્રીમતી રમીલાબેન બારા સાથે પરામર્શને અંતે શહેર પ્રમુખશ્રી નીતિન પટેલે આજે તેમની ૨૦ હોદેદારોની ટીમ જાહેર કરી છે.

ભાજપ પ્રમુખશ્રી નિતીનભાઈ પટેલ દ્વારા આજે જાહેર કરાયેલ હોદેદારોમાં સાત જુના જોગીઓને સ્થાન આપવામાં આવ્યું છે. આ ઉપરાંત સંગઠનને ચેતનવંતુ બનાવવામાં સફળ થયેલા અન્ય આગેવાનોને પણ સમાવવામાં આવ્યા છે. જાહેરાતમાં સમાજના તમામ વર્ગોને સંગઠનમાં સ્થાન આપવામાં આવ્યું છે. આજે જાહેર થયેલ હોદેદારોમાં ૬ મહિલાઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

જુના સંગઠનના જે હોદેદારો રિપીટ કરવામાં આવ્યા છે તેમાં મહેન્દ્રભાઈ પટેલ, રણછોડભાઈ રથવી, મણિબેન દેસાઈ, દક્ષાબેન શુકલને ઉપપ્રમુખ બનાવાયા છે તો કનુભાઈ દેસાઈને મહામંત્રી બનાવવામાં આવ્યા છે. આ ઉપરાંત મંત્રી તરીકે નિકીતાબેન શાહ અને કોષાધ્યક્ષ બાબુભાઈ એલ. પટેલને યથાવત રાખવામાં આવ્યા છે.

૨૦ હોદેદારોની યાદી જાહેર કરવામાં આવી છે તેમાં સંગઠનના જાણકારોને અગ્રતા આપવામાં આવી છે જેમાં બિપીનભાઈ રાવલ, પંકજજી ઠાકોર, નાઝાભાઈ, મુકેશ જાની, નરેશભાઈ પરમાર, પરમજીત કૌર છાબડા, નિકીતાબેન શાહનો સમાવેશ થાય છે.

ઉપપ્રમુખ : મહેન્દ્રભાઈ પટેલ, રણછોડભાઈ રથવી, નાઝાભાઈ ઘાંઘર, પંકજજી ઠાકોર-ધોળાકૂવા, બીપીનભાઈ રાવલ, મણીબેન છગનભાઈ દેસાઈ, દક્ષાબેન શુકલ ● મહામંત્રી : મહેશસિંહ રાઓલ, કનુભાઈ દેસાઈ, મુકેશભાઈ જાની ● મંત્રી : ભરતભાઈ મોતીભાઈ ચૌધરી, નરેશભાઈ પરમાર, જીતુભાઈ સોજાણી, રાજેશભાઈ આર. પટેલ, પરમજીત કૌર છાબડા, ગીતાબેન હર્ષદભાઈ પટેલ, નિકીતાબેન શાહ, વિણાબેન ભટ્ટ ● કોષાધ્યક્ષ : બાબુભાઈ સોમાભાઈ પટેલ ● કાર્યાલય મંત્રી : હસમુખભાઈ શંકરભાઈ પટેલ

GSDMA

# ચોમાસા પૂર્વે સજ્જતા કેળવીએ

## પૂર્વ તૈયારી એ જ ઉપાય



## સજ્જતા ચકાસણી યાદી :

- આપના ઘર અને શેરીની પાઈપો અને ગટર સાફ રાખો
- આકસ્મિક પરિસ્થિતિ માટે સિમેન્ટની ખાલી થેલીઓમાં રેતી ભરીને રાખો
- તાકિદની પરિસ્થિતિ માટે : બેટરી (ટોર્ચ), વધારાના પાવર (સેલ), સૂકો ખોરાક, વધારાના કપડાં, પીવાનું પાણી, દવાઓ, ઓળખપત્ર, દસ્તાવેજો, કિંમતી ચીજવસ્તુઓ, અગત્યના ફોન નંબર વગેરે સલામત રીતે એક જ જગ્યાએ હાથવગા રાખો
- ઝડપથી સ્થળાંતર માટે સલામત આશ્રયસ્થાનો અને ઊંચાણવાળા વિસ્તારો અગાઉથી જાણી રાખો
- સ્થળાંતર માટેના રસ્તાઓ અને વૈકલ્પિક રસ્તાઓ અગાઉથી નક્કી રાખો
- પૂરના પાણીથી નુકશાન થઈ શકે તેવી ચીજવસ્તુઓ અને દસ્તાવેજો ઊંચી છાજલીઓ અગર ઉપરના માળ ઉપર રાખો
- ઓછા સમયમાં સ્થળાંતર માટે તૈયાર રહો
- ચોમાસા દરમિયાન ટીવી કે રેડીયો જેવા માધ્યમોમાં પ્રસારિત થતી ચેતવણીઓ અને સાવધાની માટેની સૂચનાઓ સાંભળવાની આદત કેળવો
- તમારા વિસ્તારમાં સરકાર દ્વારા આયોજીત મોકડ્રીલમાં ભાગ લો
- કુટુંબના સભ્યો સાથે પૂર સમયે રાખવાની થતી સાવધાનીઓ અંગે અવારનવાર ચર્ચા કરો
- તબીબી, આગ અને પોલીસ સંબંધિત તાકિદની પરિસ્થિતિમાં **ફોન નં.૧૦૮નો સંપર્ક** કરવા માટે તમારા કુટુંબના સભ્યોને માહિતગાર રાખો

| આપાતકાલિન સંપર્ક (લેન્ડલાઈન ફોન માટે)★ | |
| --- | --- |
| જિલ્લા કંટ્રોલરૂમ | 1077 |
| રાજ્ય કંટ્રોલરૂમ | 1070 |

* મોબાઈલથી સંપર્ક કરવા માટે ડિસ્ટ્રીક્ટ કોડ જોડવો

ગુજરાત સરકાર દ્વારા જનહિતમાં પ્રકાશિત

## ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી










C. C. C. (Customer Care Centre)
Gandhinagar District




TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

## જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com